ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

સાવલી તાલુકાના ગોઠડા ગામે સેવાસેતુ ૨.૧ કાર્યક્રમ યોજાયો



સાવલી : રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગોઠડા ગામે સેવાસેતુ ૨.૧ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ગોઠડા, સામંતપુરા, રાઘનપુરા, ચોરપુરા-અમીરપુરા, કરચીયા, ગાંગડીયા, પ્રતાપનગર, સમલાયા, નાની ભાડોલ અને વડદલા ગામનો સંયુક્ત સેવાસેતુ કેમ્પ યોજાયો હતો. જેમાં રાશનકાર્ડ, વિવિધ દાખલાઓ અને પ્રમાણપત્રો સહિતની સરકારી યોજનાઓનો લાભો ગ્રામજનોને ઘરઆંગણે જ પૂરો પાડવામાં આવ્યા હતા. નાગરિકો અને જરૂરિયાતમંદોને એક જ સ્થળેથી તમામ સરકારી સેવાઓ મળી રહે અને કોઈ પણ વ્યક્તિ યોજનાના લાભથી વંચિત ન રહે તેવા હેતુથી વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય કક્ષાએ સેવાસેતુના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

સંખેડા તાલુકાના હાંડોદમાં સેવા સેતુનો લાભ, ૨૦ વર્ષ જૂની સમસ્યાઓનો નિકાલ



સંખેડા : છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના હાંડોદ ગામ ખાતે સરકારના મહત્વકાંક્ષી સેવા સેતુ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોના પ્રશ્નોનો તાત્કાલિક સ્થળ પર જ નિકાલ લાવવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમને ગ્રામજનોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ આ સેવા સેતુમાં આવકના દાખલા, જાતિના દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ સુધારણા, વિધવા સહાય, વૃદ્ધ પેન્શન, ખેતીવાડીને લગતા પ્રશ્નો તમામ અરજીઓનો સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવા સેતુમાં બોરતલાવ તાલુકા પંચાયત સદસ્ય ભાવિકાબેન વિશાલ પટેલની વિશેષ મહેનત રંગ લાવી હતી. તેમના પોતાના વિસ્તારમાં છેલ્લા 20 વર્ષથી અનેક વિધવા બહેનો અને નિરાધાર વૃદ્ધો વિધવા સહાય અને વૃદ્ધ પેન્શન યોજનાના લાભથી વંચિત હતા.

સંખેડામાં ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી હસમુખભાઈનો ભવ્ય સત્કાર સમારંભ



સંખેડા : સંખેડા ગામમાં બારીયા સમાજની વાડી ખાતે ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચાના નવનિયુક્ત પ્રદેશ મંત્રી હસમુખભાઇનો ભવ્ય સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચામાં પ્રદેશ મંત્રી તરીકે જવાબદારી મળતા હસમુખભાઈનું સમગ્ર છોટાઉદેપુર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા, બારીયા સમાજ અને સર્વ સમાજના આગેવાનો દ્વારા સાફો, ફૂલહાર અને મોમેન્ટો આપી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર છોટાઉદેપુર જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા, બારીયા સમાજ અને સૌ સમાજના આગેવાનો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, સંખેડાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી ઉપસ્થિત રહ્યા હતા.

પાદરા GSRTC ડેપો ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત શ્રમ યજ્ઞ યોજાયો



પાદરા : ગાંધી જયંતી તથા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત પાદરા GSRTC ડેપો ખાતે તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ 'એક દિવસ, એક કલાક અને એક સાથે'ના સંદેશ સાથે શ્રમ યજ્ઞ (સ્વચ્છતા અભિયાન)નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડેપો પરિવારના કર્મચારીઓએ ઉત્સાહભેર જોડાઈ સ્વચ્છતા અંગેનો સંદેશ આપ્યો હતો. શ્રમ યજ્ઞના કાર્યક્રમમાં પાદરા નગરપાલિકાના સભ્ય નયનભાઈ ભાવસાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ડેપો પરિસરમાં સ્વયં શ્રમદાન કરી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે તેમણે સ્વચ્છતા માત્ર અભિયાન પૂરતી સીમિત ન રહે પરંતુ રોજિંદા જીવનનો એક ભાગ બને તે જરૂરી હોવાનું જણાવી સૌને સ્વચ્છતા જાળવવા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે શ્રમદાન કરી રહેલા ડેપોના કર્મચારીઓની કામગીરીને બિરદાવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

દેવલીયામાં કલેક્ટર ગાર્ગી જૈનની ઉપસ્થિતિમાં 'આંગણનો ઉત્સવ'



બોડેલી : સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના દેવલીયા ખાતે 'આંગણનો ઉત્સવ' કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં બાળકો અને ગ્રામજનો સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો હેતુ આંગણવાડી કેન્દ્રો મારફતે નાના બાળકોના સર્વાંગી વિકાસ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને બાલપોષણની પ્રક્રિયાને વધુ સુદૃઢ બનાવવાનો હતો. આ પ્રસંગે કલેક્ટર ગાર્ગી જૈને આંગણવાડીની વિવિધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરી બાળકોના આરોગ્ય, પોષણ અને શૈક્ષણિક સ્તર અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટરે જણાવ્યું હતું કે, આંગણવાડી બાળકોના ઉજ્જવળ ભવિષ્યનું પ્રથમ પગથિયું છે. બાળકોને નાનપણથી યોગ્ય પોષણ અને સંસ્કાર મળે તે માટે આંગણવાડી વર્કર, હેલ્પર અને વાલીઓનો સહિયારો પ્રયાસ જરૂરી છે. તેમણે વાલીઓને બાળકોને નિયમિત આંગણવાડીમાં મોકલવા તેમજ સરકારની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

કલેક્ટરના પ્રતિબંધ છતાં ટ્રક પસાર થવાના ફોટા વાયરલ

જર્જરિત ઓરસંગ બ્રિજ પરથી ભારદારી વાહન પસાર થતાં વિવાદ

વાયરલ તસવીરો બાદ ગ્રામજનોમાં રોષ, જવાબદારો સામે કાર્યવાહીની માંગ



(પ્રતિનિધિ) સંખેડા, તા.1

સંખેડા તાલુકામાં ઓરસંગ નદી પરનો જર્જરિત બ્રિજ ફરી ચર્ચામાં આવ્યો છે. બ્રિજનું કામ ચાલી રહ્યું છે અને ભારે વાહનોની અવરજવર પર વહીવટી તંત્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં એક ભારદારી વાહન બ્રિજ પરથી પસાર થયાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો છે.

બ્રિજના બંને છેડે વહીવટી તંત્ર દ્વારા 'ભારદારી વાહનો માટે પ્રવેશ બંધ છે' તેવા સૂચન બોર્ડ લગાવવામાં આવ્યા છે. જર્જરિત બ્રિજને ધ્યાનમાં રાખીને કલેક્ટર દ્વારા ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. તેમ છતાં આજે સવારે એક ટ્રક/ટ્રેલર બ્રિજ પરથી પસાર થયાની તસવીરો સામે આવી છે.

ફોટા વાયરલ થતાં સંખેડા તાલુકાના ગ્રામજનો અને ટ્રાન્સપોર્ટરોમાં ચર્ચા શરૂ થઈ છે. ગ્રામજનોએ સવાલ ઉઠાવ્યો છે કે પ્રતિબંધ હોવા છતાં વાહનને બ્રિજ પરથી પસાર થવાની મંજૂરી કોણે આપી? સાથે જ જર્જરિત બ્રિજની સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આ અંગે સંખેડાના મામલતદાર જે.એસ. પટેલનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, બ્રિજ પરથી 10 ટન સુધીનાં વાહનો પસાર કરવામાં આવશે. મામલતદારના આ નિવેદન બાદ બ્રિજ પર ભારે વાહનોની અવરજવર અંગેના પ્રતિબંધ અને મંજૂર વાહન ક્ષમતા અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

શિનોરના સાધલીમાં રખડતા શ્વાનનો કહેર, ૧૫ લોકોને બચકાં



(પ્રતિનિધિ) શિનોર, તા. 1

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે રખડતા શ્વાનોનો આતંક યથાવત જોવા મળ્યો છે. ગઈકાલે સાંજથી આજે સવાર સુધીમાં સાધલીના અલગ-અલગ વિસ્તારોમાં બાળકો સહિત આશરે 15 જેટલા વ્યક્તિઓને રખડતા શ્વાનોએ બચકાં ભર્યા હોવાની ઘટના સામે આવી છે. શ્વાનના હુમલાનો ભોગ બનેલા તમામ 15 જેટલા વ્યક્તિઓને સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર આપવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્ર ખાતે પૂરતા પ્રમાણમાં જરૂરી વેક્સિન ઉપલબ્ધ હોવાનું મેડિકલ ઓફિસર દ્વારા જણાવાયું હતું. ગઈકાલ સાંજથી આજે સવાર સુધીમાં એકસાથે 15 જેટલા લોકોને શ્વાનોએ બચકાં ભરતાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં સાધલી ગ્રામ પંચાયતના ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલ પણ સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દોડી આવ્યા હતા.

૩. ૫.૧૪ કરોડના ખર્ચે ૭થી ૧૦ મીટર પહોળા થનારા રસ્તાનું કામ ધીમી ગતિએ

શિનોર-માલસર રોડની મુદત પૂરી થયે ૯ માસ છતાં કામ અધૂરું



(પ્રતિનિધિ) શિનોર, તા.1

વડોદરા જિલ્લાના સાધલીથી પોર સુધીનો રૂ. 57 કરોડના ખર્ચે મંજૂર થયેલો રસ્તો અને શિનોરથી માલસર સુધીનો રૂ. 5.14 કરોડથી વધુના ખર્ચે પહોળો તથા મજબૂત બનાવવાનો રસ્તો સમયમર્યાદા વીતી ગયા બાદ પણ અધૂરા હોવાથી વાહનચાલકો, ખેડૂતો અને સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે.

સાધલીથી પોર રોડનું ખાતમુહૂર્ત 22 સપ્ટેમ્બર 2025ના રોજ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ રસ્તાનું કામ પૂરું થયું નથી. બીજી તરફ શિનોરથી માલસર રોડને 7 મીટરમાંથી 10 મીટર પહોળો કરવા તથા મજબૂતીકરણ માટે રૂ. 5 કરોડ 14 લાખથી વધુની રકમ મંજૂર કરવામાં આવી હતી. આ કામ 1 સપ્ટેમ્બર 2025થી શરૂ કરી 31 ડિસેમ્બર 2025 સુધીમાં પૂર્ણ કરવાનું હતું. રુદ્રા ઈન્ફ્રા પ્રોજેક્ટ દ્વારા કામ હાથ ધરાયું હોવા છતાં કામગીરી હજુ અધૂરી છે.

બંને રસ્તાઓ પર ડામરનું કામ પૂર્ણ ન થતાં ધૂળની સમસ્યા પણ યથાવત છે. પાણીનો છંટકાવ ન થવાના કારણે રસ્તા આસપાસની ખાણી-પીણીની દુકાનો તેમજ ખેતરોમાં ધૂળની અસર થતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ખેડૂતો સહિત સ્થાનિકો દ્વારા તંત્ર સમક્ષ કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની માંગ કરવામાં આવી રહી છે.

કેટલાક વાહનોમાંથી પાણી ટપકતું મળતાં તંત્રની તપાસ તેજ

જબુગામમાં મોડી રાત્રે ખનીજ વહન કરતા ૭ વાહનો ઝડપાયા

મામલતદારની ટીમે 5 હાઇવા સહિત 2 ટ્રેક્ટર કબજે કરી તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) બોડેલી, તા.1

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરના આદેશ અનુસાર જિલ્લામાં બુધવારે સાંજે 6 વાગ્યા બાદ વધુ પડતી ખનીજ લીઝો બંધ થઈ છે તેમજ ગેરકાયદેસર ખનન અને ખનીજ પરિવહન પર નજર રાખવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે. જેના પગલે બોડેલી મામલતદાર અને તેમની ટીમ દ્વારા મોડી રાત્રે પેટ્રોલિંગ હાથ ધરી ખનીજ વહન કરતા શંકાસ્પદ વાહનો જબુગામ ખાતેથી ઝડપી પાડી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

મોડી રાત્રે હાથ ધરાયેલા પેટ્રોલિંગ દરમિયાન મામલતદારની ટીમે 5 હાઈવા અને 2 ટ્રેક્ટર મળી કુલ 7 વાહનો ઝડપી પાડી બોડેલી સેવા સદન ખાતે લાવવામાં આવ્યા હતા. કાર્યવાહી થતાં ખનીજના ગેરકાયદેસર પરિવહન સાથે સંકળાયેલા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. દરમિયાન, ઝડપાયેલા કેટલાક વાહનોમાંથી પાણી ટપકતું હોવાની પણ સામે આવ્યું છે.

જો વાહનો સાંજના સમયે ભરવામાં આવ્યા હતા તો તેઓ મોડી રાત્રે જબુગામ ખાતે શું કરતા હતા વાહનોમાંથી ખનીજ સાથે પાણી ટપકતું હોવા છતાં આવા વાહનો રાત્રિના સમયે કેવી રીતે પસાર થયા અને અગાઉ તેમના પર કોઈ રોકટોક કરવામાં આવી હતી કે નહીં તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. સમગ્ર મામલે તંત્ર દ્વારા ઝડપાયેલા વાહનોની તપાસ તથા ખનીજના જથ્થા અને રોયલ્ટી પાસ સહિતના દસ્તાવેજોની ચકાસણી બાદ હકીકત સામે આવશે.

૩૩ વર્ષથી માટીના ગરબામાં આસ્થા અને કલાનો સંગમ

નવરાત્રિ પૂર્વે સંખેડામાં ગરબાની માંગ



(પ્રતિનિધિ) સંખેડા, તા. 1

નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સંખેડામાં માટીના ગરબા બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સંખેડા બજારમાં રહેતા પ્રજાપતિ ચંદ્રિકાબેન છેલ્લા 33 વર્ષથી માટીના ગરબા બનાવવાના વ્યવસાય સાથે આસ્થા જોડી રહ્યા છે.

રોજના 4 થી 5 ગરબા, 250 થી 300 રૂપિયામાં વેચાણઃ ચંદ્રિકાબેન એક માટીના ગરબા માટે તૈયારી કરે છે. છેલ્લા 33વર્ષથી તેઓ ગરબા બનાવે છે. પરંપરાગત માટીના બનાવેલા આ ગરબા સામે આસ્થા જોડાયેલી છે. નવરાત્રિમાં માટીના ગરબામાં દીવો કરીને માતાજીની આરાધના કરાય છે. તેમનું કહેવું છે કે, "માટીનો એક ગરબો શણગારતા હું કલાક જેટલો સમય નીકાળું છું. રોજના ચારથી પાંચ ગરબા બનાવું છું. મારા હાથે જ ગરબા બનાવું છું."

તેઓ ગરબા માટે તેની ઉપર ચાર જેટલા અલગ અલગ રંગોની ડિઝાઈનથી ચોટાડવામાં આવે છે. કલાત્મક રીતે મઢાવ્યા છે, ઉછેરોની મહેકવાળા આ ગરબા ખરેખર ચાલે છે. ગરબા બનાવવું છે, પહેલા માટી એક જ રંગમાં ગરબા બનતા હતા, પણ હવે તો અલગ અલગ લાલ, પીળો, કેસરી એમ વિવિધ રંગના ગરબા બનવું છે.

સાવલી વકીલ મંડળનો ભાડા વિધેયક - ૨૦૨૬નો વિરોધ

બાર કાઉન્સિલના વિરોધને સમર્થન



(પ્રતિનિધિ) સાવલી, તા. 1

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલા ગુજરાત ભાડા કરાર વિધેયક-2026ના વિરોધમાં સાવલી વકીલ મંડળ દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને સમર્થન આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ સાથે 1 ઓક્ટોબરથી 3 ઓક્ટોબર 2026 સુધી ત્રણ દિવસ તમામ પ્રકારની કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો નિર્ણય લેવાયો છે.

વકીલ મંડળના જણાવ્યા મુજબ, નવા ભાડા વિધેયકથી નાગરિકોના કાનૂની હકોને અસર થવાની તેમજ બંધારણીય જોગવાઈઓ સાથે વિસંગતતા ઊભી થવાની આશંકા છે. મકાનમાલિકો અને ભાડૂતોને ન્યાયતંત્ર મારફતે મળતા કાનૂની અધિકારો અને ન્યાયની પ્રક્રિયા પર પણ તેની અસર થઈ શકે છે તેમ વકીલોએ જણાવ્યું હતું.

નવા કાયદાના અમલથી વહીવટી તંત્ર અને સરકારી અધિકારીઓને ન્યાયિક પ્રકારની કામગીરી સોંપાવાની શક્યતા અંગે પણ વકીલ મંડળે વાંધો વ્યક્ત કર્યો છે. આથી વિધેયક પર પુનર્વિચાર કરી તેને પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે. આ મુદ્દે ગુજરાતના નાગરિકોમાં જાગૃતિ લાવવા વકીલો દ્વારા અભિયાન ચલાવવાનો તેમજ મુખ્યમંત્રી, રાજ્યપાલ અને કાયદા મંત્રીને રૂબરૂ રજૂઆત કરી આવેદનપત્ર પાઠવવાનો ઠરાવ કરાયો છે.

ભાડા વિધેયકના વિરોધમાં પાદરાના વકીલો કોર્ટથી અળગા રહેવાનો ઠરાવ

(પ્રતિનિધિ) પાદરા, તા. 1

ગુજરાતના નવા ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં પાદરા વકીલ મંડળ દ્વારા સર્વાનુમતે મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. ઠરાવ મુજબ તા. ૧ ઓક્ટોબરથી 3 ઓક્ટોબર ૨૦૨૬ સુધી પાદરા વકીલ મંડળના સભ્યો કોર્ટની કામગીરીથી અળગા રહેશે. પાદરા વકીલ મંડળે પોતાના ઠરાવમાં જણાવ્યું છે કે, નવા ભાડા વિધેયકની કેટલીક જોગવાઈઓથી મકાનમાલિકો, ભાડૂતો તેમજ વકીલોને મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતા છે. મંડળે આ વિધેયકમાં જરૂરી સુધારા-વધારા કરવાની અને વિધેયક પર પુનર્વિચાર કરવાની માંગ સાથે ચાલી રહેલા આંદોલનને સમર્થન જાહેર કર્યું છે.

ઠરાવમાં વધુમાં જણાવાયું છે કે નવા કાયદાથી નાગરિકોના કાનૂની અધિકારો અને ન્યાય મેળવવાની પ્રક્રિયા અંગે ગૂંચવણ ઊભી થઈ શકે છે. આ મુદ્દે નાગરિકોને માહિતગાર કરવા માટે વિવિધ કાર્યક્રમો યોજવા તેમજ ગુજરાતના મુખ્યમંત્રી, કાયદા મંત્રી અને રાજ્યપાલને આવેદનપત્ર આપવા અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો છે. પાદરા વકીલ મંડળ દ્વારા વિધેયકની જોગવાઈઓ અંગે નાગરિકોને માહિતગાર કરવાની અને રાજ્યના અન્ય વકીલ મંડળો તથા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને પણ આ લડતમાં જોડાવા અપીલ કરવામાં આવી છે. દરમિયાન, પાદરા વકીલ મંડળે કોર્ટને વિનંતી કરી છે કે તા. ૧થી 3 ઓક્ટોબર દરમિયાન વકીલો તથા પક્ષકારોની ગેરહાજરીને કારણે કોઈ કેસ એકતરફી રીતે ચલાવવામાં ન આવે તેમજ કોઈ વોરંટ કે નોટિસ ઈસ્યુ ન કરવામાં આવે, જેથી પક્ષકારોને તેમના કેસમાં કોઈ નુકસાન ન થાય.

ગ્રામજનોની રજૂઆતના પગલે ડભોઇ TDOની ટીમે સ્થળ તપાસ કરી

રાણીપુરામાં મનરેગાના કરોડોના કામોમાં ગેરરીતિના આક્ષેપો બાદ તપાસ



(પ્રતિનિધિ) સાવલી, તા.1

સાવલી તાલુકાના રાણીપુરા ગામમાં મનરેગા યોજના હેઠળ વર્ષ 2018થી અત્યાર સુધી થયેલા કામોમાં કથિત ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ તપાસ શરૂ કરવામાં આવી છે. ગ્રામજનો દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવતા તપાસ અધિકારી તરીકે ડભોઇ TDOની ટીમ ગામે પહોંચી હતી અને વિવિધ કામોની સ્થળ પર ચકાસણી હાથ ધરી હતી.

રાણીપુરાના જાગૃત નાગરિક પ્રવીણસિંહ ગોહિલ સહિત ગ્રામજનોએ મનરેગા હેઠળ અંદાજે રૂ. 3થી 4 કરોડના કથિત ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ કેટલાક સ્થળોએ કામ થયા વિના નાણાં ઉપાડવામાં આવ્યા છે. ઉપરાંત આશરે 300 જેટલા કથિત નકલી જોબકાર્ડ બનાવી નાણાં ઉપાડવામાં આવ્યા હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

કેટલાક જોબકાર્ડ ધારકો મનરેગામાં કામ કરવા ગયા ન હોવા છતાં તેમના ખાતામાં નાણાં જમા થયા અને ઉપાડી લેવાયા હોવાનો પણ આક્ષેપ રજૂઆતમાં કરાયો છે. જોકે, આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ તપાસ પૂર્ણ થયા બાદ જ થઈ શકશે.

તપાસ ટીમે મંજૂર થયેલા કામો, સરકારી રેકોર્ડ અને સ્થળ પર થયેલી કામગીરી વચ્ચે કોઈ તફાવત છે કે નહીં તેની ચકાસણી શરૂ કરી છે. ટીમ ગામે પહોંચતાં મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થયા હતા અને પોતપોતાની રજૂઆતો કરી કથિત સ્થળોની હકીકત બતાવી હતી.

સંખેડામાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો, રોગચાળાની દહેશત

ફોગિંગ અને ગટર-નાળા આસપાસ દવાનો છંટકાવ કરવાની માંગ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 1

છોટાઉદેપુર જિલ્લા સહિત સંખેડા પંથકમાં વરસાદી સિઝન પૂરી થતાં અને ઠંડીની સાથે સાંજના સમયે મચ્છરોનો ઉપદ્રવ ભારે વધી રહ્યો છે, જેને કારણે રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે.

સંખેડા નગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સાંજ પડે કે મચ્છરોના ત્રાસથી લોકો ઘરની બહાર બેસી શકતા નથી. નાના બાળકોને સાચવવા મુશ્કેલ બન્યા છે. મચ્છરજન્ય તાવ, મેલેરિયા, ડેન્ગ્યુ જેવી બીમારીઓ ફેલાવાની દહેશતથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયત અને નગરના આરોગ્ય વિભાગ પાસે માંગ કરવામાં આવી રહી છે કે, તાત્કાલિક અસરથી ગામમાં ફોગિંગ મશીન દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવે, તેમજ ગટરો, નાળાઓ અને તળાવોની આસપાસ મચ્છરો ઉત્પન્ન ન થાય તે માટે ડીડીટી પાવડર જેવું નાશક દવાનું છંટકાવ કરવામાં આવે.

ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર જિલ્લામાં પણ મચ્છરોના ત્રાસથી પ્રજા ત્રાહિમામ છે જો સમયસર પગલાં ભરીને ધુમાડા સાથે દવાનો છંટકાવ કરવામાં નહીં આવે તો રોગચાળો વકરી શકે છે. ત્યારે સંખેડા ગ્રામ પંચાયત દ્વારા વહેલી તકે દવાનો છંટકાવ અને પાવડર છાંટવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે, જેથી પ્રજાના આરોગ્ય પર અસર ન પડે.

પોઈચા ચોકડી પાસે ડમ્પરની અડફેટે દંપતી, મહિલાનું મોત

(પ્રતિનિધિ) સાવલી, તા.1

સાવલી તાલુકાના પોઈચા ચોકડી પાસે ડમ્પરની અડફેટે એક્ટિવા સવાર દંપતી આવી જતાં 40 વર્ષીય મહિલાનું ઘટનાસ્થળે કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે સ્થળ પર લોકોના ટોળા એકત્ર થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મળતી માહિતી મુજબ એક્ટિવા નં. GJ-23-AG-5720 પર વિજયભાઈ લલ્લુભાઈ રાઠવા અને તેમના પત્ની વજીબેન વિજયભાઈ રાઠવા આણંદ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ડેસર તરફથી પુરઝડપે આવી રહેલા ડમ્પર નં. GJ-17-UU-7019ના ચાલકે એક્ટિવાને અડફેટે લીધી હતી. અકસ્માતમાં વજીબેન રાઠવાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે વિજયભાઈને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયા હતા.